(29) No. of printed pages: 2

**SARDAR PATEL UNIVERSITY**
**BA (V Semester) Examination**
**2012**
**Saturday, 1st December**
**10.30 am to 1.30 pm**

**UA05CGUJ14 - અપઠિતનો અભ્યાસ (ગુજરાતી)**

**કુલ ગુણઃ ૭૦**

પ્ર.૧ નીચેનામાંથી **ગમે તે ત્રણ**નો વિચાર-વિસ્તાર કરી સમજાવો. (૨૪)

૧. 'સૌંદર્ય શોચે છે શીલથી
ને યૌવન શોભે છે સંયમ વડે'
૨. 'પૃથ્વી ઉછંગે ઉછરેલ માનવી
હું માનવી માનવ થાઉં તો ઘણું'
૩. 'પેટ કરાવે વેઠ, પેટ વાજાં વગડાવે,
પેટ ઉપડાવે ભાર, પેટ ગુણ સૌના ગાવે'
૪. 'જગનાં સહુ ઝેરોમાં સૌથી કાતિલ વેરનું'
૫. 'હણોના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે, વિમળ દિલના ગુપ્ત બળથી'
૬. 'ઝાઝા નબળા લોકથી કદી ન કરીએ વેર,
કીડી કાળા નાગનો પ્રાણ જ લે આ પેર'

પ્ર.૨ નીચે આપેલ પરિચ્છેદને $^{૧}/_{૩}$ ભાગમાં સંક્ષેપ કરો. (૧૨)

મનુષ્યમાત્રની પ્રવૃત્તિનું પ્રેરક બળ આનંદ છે. આપણે ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, હસવું, રમવું, ગાવું, બજાવવું જે કોઇ પ્રવૃત્તિ કરતાં હોઇએ છીએ તે આનંદને ખાતર જ કરતાં હોઇએ છીએ. અથવા એમ પણ કહેવું હોય તો કહી શકાય કે આનંદ થતો હોય ત્યાં સુધી જ આપણે એ પ્રવૃત્તિઓ રાજીખુશીથી કરતાં હોઇએ છીએ. આનંદ મળતો અટકયો એટલે એ પ્રવૃત્તિમાંથી આપણો રસ ઊડી જાય છે.

મનુષ્યની પ્રવૃત્તિનું પ્રેરક બળ આમ આનંદ છે એ વાત ખરી! પણ બધા આનંદો એક્સરખા જ નથી હોતા. સારું ખાવાપીવાથી કે સારું પહેરવા-ઓઢવાથી પણ આપણને આનંદ થતો હોય છે; અને સારું કાવ્ય વાંચવાથી કે સારું ચિત્ર જોવાથી પણ આપણને આનંદ થતો હોય છે. પણ આ બન્ને આનંદો એકસરખા જ છે એમ કહી શકાય નહિ. ખાવા-પીવા કે પહેરવા-ઓઢવાના આનંદની સાથોસાથ અસંતોષ રહ્યા કરતો હોય છે – એ આનંદો વધારે ભોગવી શકયા હોત તો સારું એવું થયા કરતું હોય છે; ત્યારે સારું કાવ્ય વાંચ્યા પછી કે ચિત્ર જોયા પછી – એટલે કે કલાકૃતિનો રસાસ્વાદ લીધા પછી – એવો અસંતોષ રહેતો નથી. સાચી કલાકૃતિનો રસાસ્વાદ લીધા પછી, 'વાહ ! બહુ મઝા પડી !' એવો ભાવ હૃદયને થાય છે અને મન જાણે છલોછલ ભરાઇ જાય છે. અને તેથી જ આપણે કહી શકીએ કે કાવ્ય દ્વારા કે કલા દ્વારા મળતો આનંદ ઊંચામાં ઊંચો, સાચામાં સાચો અને શુદ્ધમાં શુદ્ધ પ્રકારનો હોય છે.

**અથવા**

ઍબ્સર્ડની બોલબોલા હવે ઓછી થઇ છે એ ખરું, પણ એનાથી ખાસ કરીને નાટ્યક્ષેત્રે જે મુકત હવાનો સંચાર થયો તેની અસરો તો લાંબો સમય ટકશે. વિશ્વમાં માનવીય અસ્તિત્વને જોવાનો એક જુદો અભિગમ, નાટકમાં ભાષાનો એક જુદા સ્તરે પ્રયોગ, પ્રણાલીગત નાટ્યરૂઢિઓને બદલે નવી નાટ્યરૂઢિઓનો ઉપયોગ - આ સૌને કારણે ઍબ્સર્ડ નાટક જુદું નીવડયું. માનવીય અસ્તિત્વની વિસંગતિ આ પહેલાં કોઇએ અનુભવી જ નહોતી એમ નહોતું. પણ વિસંગતિની અનુભૂતિનાં અણકલ્પ્યાં પરિણામો ‘ઍબ્સર્ડ’ના નેજા નીચે ઓળખાયેલી કૃતિઓએ બતાવી આપ્યાં.

આ વિશ્વમાં જન્મ લેવાની બાબતમાં આપણને કોઇએ પૂછયું નહોતું. મૃત્યુની શોધમાં આપણે ન હોઇએ અને એ આપણને ભરખી જાય. જન્મ અને મરણ વચ્ચેનાં ગાળામાં આપણે આપણા શરીરમાં અને બુદ્ધિતંત્રમાં પુરાયેલા રહીએ. આપણે નહોતા તે સમયને અને આપણે નહિ હોઇએ તે પછીના સમયને આપણે ગ્રહી શકીએ નહિ! આપણા અસ્તિત્વના બંને છેડાઓની પાર અનંતતા વિસ્તરે - એનું બીજું નામ શૂન્યતા નહિ? - આપણા અસ્તિત્વ દરમિયાન બુદ્ધિ અને ઇન્દ્રિયો વચ્ચેની વિસંગતિ આપણે અનુભવીએ, કશું પણ પૂર્ણપણે આપણા અનુભવના આશ્લેષમાં આવી ન શકે, એથી પૂર્ણતાને અને શાશ્વતીને પામવાના આપણા બધા જ પ્રયત્નો નિષ્ફળ અને અસંગત બની રહે! ચિત્ત ઇન્દ્રિયો દ્વારા જે વિશ્વનો અનુભવ કરે છે તે, અને ચિત્તને જે અનુભવની જરૂર છે તે બંને વચ્ચે સંગતતાનો અભાવ તે ઍબ્સર્ડની અનુભૂતિ.

પ્ર.૩ નીચેનામાંથી **ગમે તે ચાર** છંદનાં બંધારણ આપી ઉદાહરણ સહિત સમજાવો. (૨૦)

(૧) શાલિની
(૨) મંદાક્રાન્તા
(૩) શિખરિણી
(૪) હરિણી
(૫) દોહરો
(૬) હરિગીત
(૭) સોરઠો
(૮) પૃથ્વી

પ્ર.૪ **ગમે તે બે** અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત સમજાવો. (૧૪)

(૧) ઉપમા
(૨) રૂપક
(૩) ઉત્પ્રેક્ષા
(૪) વર્ણાનુપ્રાસ

@ @ @